# ગોલથરામાં પરિણીતાને ત્રાસ આપતા સાસરીયા વિરૂદ્ધ ફરીયાદ

## ગડદાપાટુનો માર મારીને જાનથી મારી નાંખવાની ધમકી

કલોલ, તા. ૨૧

કલોલ તાલુકા વિસ્તારમાં આવેલા ગોલથરા ગામની પરિણીતાને સાસરીયાઓએ અવારનવાર શારીરિક-માનસિક ત્રાસ આપી ગઈકાલે બપોરે ગડદાપાટુનો માર માર્યો હોવાની પોલીસ ફરીયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. પરિણીતાની ફરીયાદને આધારે કલોલ તાલુકા પોલીસે ચાર વિરૂદ્ધ ગુનો નોંધી સઘન કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લાના કલોલ તાલુકા ખાતે આવેલા ગોલથરા ગામમાં રહેતી પરિણીતા ગીતાબેન દિલીપસિંહ વાઘેલાને તેમના સાસરીયાઓ અવારનવાર શારીરિક માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ પોલીસમથકે નોંધાવા પામી છે. ગીતાબેને નોંધાવેલી ફરીયાદ મુજબ વાઘેલા ગટુલબા અરજણાજી, વાઘેલા વિલાસબા વિક્રમસિંહ, વાઘેલા વિક્રમસિંહ અરજણજી અને વાઘેલા મહેન્દ્રસિંહ બળવંતસિંહ ચારેય મળીને તેણીને ત્રાસ આપતા હતા. દરમ્યાન ગઈકાલે બપોરના સુમારે નજીવી બાબતે ચારેય જણાં ગીતાબેન પર તુટી પડ્યા હતા અને ગડદાપાટુનો માર મારીને ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. કલોલ તાલુકા પોલીસે પરિણીતાની ફરીયાદને આધારે ચારેય ઈસમો વિરૂદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

# સાબરકાંઠા જિલ્લામાં બે અપમૃત્યુના બનાવો

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના રદરડી ગામની દાજી ગયેલ વૃદ્ધાનું અને ખેડબ્રહ્મા તાલુકાના હિંગટીયાનો ઝેરી દવા પી ગયેલ યુવાનનું સારવાર દરમિયાન મોત નીપજતા સિવિલના ડોક્ટરે હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ ઈડર તાલુકાના રુદરડી ગામે ૧૯મી ઓગષ્ટના રોજ ઘરે ૬૦ વર્ષની વૃદ્ધા ખેમીબેન નાથાભાઈ વણકર કોઈ અગમ્ય કારણોસર પોતાની જાતે શરીરે દાજી ગયેલ જે મહિલાને સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાયેલ જયાં વદ્ધાનું સારવાર દરમિયાન ૨૧મી ઓગષ્ટના રોજ મોત નીપજ્યું હતું. જ્યારે બીજા બનાવમાં ખેડબ્રહ્મા તાલુકાના હિંગટીયા ગામના ૩૬ વર્ષીય યુવાન પ્રકાશભાઈ અનાભાઈ પારધી ૨૧મી ઓગષ્ટના રોજ બપોરે ઘરે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી ગયેલ જેને સારવાર માટે હિંમતનગર સિવિલમાં દાખલ કરાયો હતો. જ્યાં બપોરના ૩.૨૦ વાગે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ બંને બનાવ અંગે સિવિલના ડોક્ટરે હિંમતનગર ટાઉન પોલીસને જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.


# સાબરકાંઠા જિલ્લાની કોલેજોનો ત્રણ દિવસીય સેમીનારનો પ્રારંભ

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરની હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ત્રણ દિવસીય સેમીનારનો મંગળવારના રોજ પ્રારંભ થયો હતો. જેમાં સવારે ૯ વાગેથી શરૂ થયેલા જિલ્લા ઉચ્ચશિક્ષણના સહયોગથી પ્રમોશન ઓફ કલ્ચર ઓફ ક્વોલીટી થૂ રીસર્ચ અંતર્ગતના સેમીનારનું ગાંધીનગરના કે.સી.જી. વિભાગના અધિકારી, કેળવણી મંડળના ચેરમેન નાથાભાઈ પટેલ, મંત્રી પ્રહલાદભાઈ સોમાણી, સભ્ય-હેમંતભાઈ મહેતા, કોલેજના આચાર્ય વી.એન. રાવલે દીપ પ્રગટાવી ખુલ્લો મુક્યો હતો જેમાં જિલ્લાની આશરે ૨૫ કોલેજના વિવિધ વિષયના અધ્યાપકો ત્રણ દિવસ દરમિયાન ભાગ લેશે અને અલગ અલગ વિષય પર ગાંધીનગરના કે.સી.જી. વિભાગના તજજ્ઞો અધ્યાપકોને માર્ગદર્શન આપશે.

**રક્તદાન મહાદાન**

## શબ્દાવલી - ૪૮૨૨



**આડી ચાવી**

૧. આરામ આપે તેવું (૬)
૬. સાજન, પતિ (૩)
૭. અમરવેલ, એક વેલ (૨)
૮. સ્ત્રીજાતિ (પશુ મા) (૨)
૯. સ્વીકાર નો અભાવ (૪)
૧૦. નર્ક, જહન્નમ (૩)
૧૨. એક ધાન્ય (૨)
૧૪. મધમાખી... બનાવે (૨)
૧૭. એક ફળ (૪)
૧૯. પીપરમેન્ટ, ચૉકલેટ (૨)
૨૦. બોલ બોલ કર્યા કરે તેવું (૫)
૨૧. શિક્ષા, પનીશમેન્ટ (૨)

**ઊભી ચાવી**

૧. આકાશ, નભ (૪)
૨. રહસ્ય જાણનાર ભાગીદાર (૪)
૩. મેરા... કયું તુમ્હે ચાહે...(૨)
૪. કિર્તીશાળી, યશ મળે તેવું(૩)
૫. નીડ, પંખી-પક્ષીના ઘરને... કહેવાય (૨)
૭. સ્વાર્થ, જરૂર (૩)
૧૧. એક રોગ, પીળીયો (૩)
૧૩. બાષ્પ (૩)
૧૫. કિંમત, ભાવ (૨)
૧૬. મેશ (૩)
૧૭. વા બારી, મકાનમાં બારી ઉપરાંત નાના કાણાવાણી જાળી (૩)
૧૮. એક શાક
૧૯. કૃષ્ણની દિવાની સ્ત્રી (રાધા સિવાયની (૨)

### શબ્દાવલી ૪૮૨૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) આમાન્યા (૪) ગિરનાર (૬) વરત (૭) રજામંદ (૮) દામીની (૧૧) ધરમધક્કો (૧૪) હાહાકાર (૧૬) કરા (૧૭) જરીકામ (૧૮) સરકો (૨૦) સુદ

**ઊભી ચાવી :-** (૧) આવરદા (૨) માર (૩) ન્યાત (૪) ગિરજાઘર (૫) નારદ (૯) મીતાહારી (૧૦) કક્કો (૧૧) ધરમ (૧૨) મકસદ (૧૩) ધરાર (૧૪) હાજરી (૧૫) કાકાજી (૧૯) કોડ



# કલોલમાં ઘરનું ઘર ફોર્મ વિતરણમાં બીજા દિવસે પણ મહિલાઓનો ધસારો

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ઘર વિહોણી રાજ્યભરની મહિલાઓને ઘરનું ઘર યોજના અંતર્ગત કલોલમાં બીજા દિવસે પણ ફોર્મ વિતરણ કાર્યક્રમમાં મહિલાઓનો ધસારો જોવા મળ્યો હતો. જેમાં પૂર્વ વિસ્તારમાં અવસર પાર્ટી પ્લોટ અને પશ્ચિમ વિસ્તારમાં અંબાજી માતાની વાડી, બંને વિસ્તારોમાં મળીને આશરે સાત હજાર જેટલાં ફોર્મનું વિતરણ કરાયું હતું. તેમ કલોલ તાલુકા કોંગ્રેસના પ્રમુખ ગમાજી ઠાકોરે જણાવ્યું હતું. કોંગ્રેસના ઘરનું ઘર યોજનાએ કલોલ તાલુકા સહિત રાજ્યભરમાં રાજકીય ઉત્તેજના ફેલાવી હતી. (તસવીર : વિપુલ ચૌહાણ, કલોલ)

# સરદાર પટેલ સ્ટેડિયમ ભાડે આપવાથી રમતને અસર થશે

## કોર્મશિયલ હેતુસર મેદાન ભાડે આપવા માટેનો ભાજપનો નિર્ણય બિલકુલ અયોગ્ય છે : નરહરિ અમીને દાવો ખર્યો

અમદાવાદ, તા. ૨૧

શહેરના નવરંગપુરામાં આવેલા સરદાર પટેલ સ્ટેડિયમને કાયમી ધોરણે સાંસ્કૃતિક કાર્યક્રમો, કોમર્શિયલ ઉપયોગ, વિવિધ સભારંભ, જુદા જુદા સેલ અને ગરબા માટે ભાડે આપવાનો ઠરાવ ભારતીય જનતા પાર્ટીના વહીવટ કર્તાઓ દ્વારા કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી ક્રિકેટની રમત મૃતપાય થઈ જશે. તેમ પોલીટીકલ સ્ટેટેજી અને પ્લાનિંગ કમિટીના અર્બન એરિયાના ચેરમેન નરહરિ અમીને જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે 'ખેલે ગુજરાત રમશે ગુજરાત' ની મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ગુલબાંગોની પોકળતા ખુલ્લી પડી ગઈ છે.

સમગ્ર વિશ્વના સ્ટેડિયમોમાં ક્રિકેટની મેચો ન રમાતી હોય ત્યારે સ્ટેડિયમો ખાલી જ પડયા રહેતા હોય છે પરંતુ અન્ય ક્રિકેટ સિવાયના હેતુ માટે ભાડે આપવાનો મુર્ખામી ભર્યો નિર્ણય કોઈએ પણ લીધો નથી. તેમણે ચાલુવર્ષે ભારતીય જનતાના વહીવટ કર્તાઓ દ્વારા સરદાર પટેલ મેદાન ભાડે આપવાનો નિર્ણયને વખોડતા વધુમાં જણાવ્યું હતું કે સરદાર પટેલ ક્રિકેટ સ્ટેડિયમને ક્રિકેટ સિવાય અન્ય હેતુ માટે ઉપયોગ કરવામાં આવશે તો તેના ઘેરા પ્રત્યાઘાતો ક્રિકેય જગતમાં ઉભા થશે. આ અંગે ક્રિકેટરો અને ક્રિકેટપ્રેમી જનતાનો ભોગ રાજ્ય સરકાર બનશે. આ ઉપરાંત ક્રિકેટની રમત પણ મૃતપાય થઈ જશે.



અનુવાદ પ્રતિષ્ઠાન, ગૂજરાત વિદ્યાપીઠ અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે અનુવાદિત પુસ્તક મેળાનું ૨૨મી ઓગષ્ટથી ૨૬મી ઓગષ્ટ દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે, તે પ્રસંગની તસવીર.

# અમદાવાદમાં વિવિધ બ્રીજ પર મુકાયેલા કુંડાથી અકસ્માતો થઈ શકે

અમદાવાદ, તા. ૨૧

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં આવેલા જુદા જુદા બ્રીજ અને ઓવરબ્રીજ પર સુશોભન માટે મુકવામાં આવેલા પાઈપ આકારના છોડના કુંડાથી મોટો અકસ્માત સર્જાવાની શક્યતા સર્જાઈ હોવાનું જાણવા મળે છે. મળતી માહિતી મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આવેલો ગાંધી બ્રીજ, શ્રેયસ ઓવર બ્રીજ, જીવરાજ ઓવરબ્રિજ, તથા ઓવરબ્રીજ પર સુશોભન માટે પાઈપ આકારના રંગબેરંગી કુંડા મુકવામાં આવ્યા છે. આ કુંડામાં બ્લેગન વેલ તથા અન્ય છોડ ઉગાડવામાં આવી રહ્યા છે. બ્રીજની વચોવચ આ કુંડા મુકવામાં આવ્યા છે. પરંતુ જો એકપણ કુંડુ રસ્તા પર ગબડી પડે તો બ્રીજ પરથી ખૂબ ઝડપથી પસાર થતાં વાહનચાલકોને અકસ્માત થવાની પૂરેપૂરી શક્યતા રહેલી છે. ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકો ઉથલી પડે અને પાછળથી આવતા અન્ય વાહનો તેની સાથે ટકરાય તો મોટો અકસ્માત સર્જાવાનો ભય રહેલો છે. કુંડુ રસ્તા પર ગબડી ના પડે એ માટે ખરેખર તો ખાડો ખોદીને આ કુંડાને તેમાં ફીક્સ કરવાની મ્યુનિ. બગીચા વિભાગે જરૂર છે.

# પ્રસુતિ દરમિયાન પત્નીનું મોત થતા પતિએ કરેલી આત્મહત્યા

અમદાવાદ,તા. ૨૧

પ્રસુતિ દરિમયાન પત્નીનું મોત થતા તેની પાછળ પતિએ પણ આત્મહત્યા કરી હોવાની ઘટનાએ સમગ્ર ઈસનપુર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. શહેરના ઈસનપુર વિસ્તારમાં આવેલ નીલનગર ખાતે રહેતા ભરતભાઈ ગણપતભાઈ સોલંકીના પત્નીની ગર્ભવતી હતી. જેથી ૧૫ ઓગસ્ટના રોજ તેને દુખાવો ઉપડતા સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જ્યાં કોઈ કારણસર તેમની પત્નીનું ડિલેવરી દરમિયાન મોત થયુ હતુ. પત્નીના મોતની ભરતભાઈ પર એટલી ઘેરી અસર પડી કે તેઓ કેટલાક દિવસથી કોઈની સાથે વાતચીત પણ ન હોતા કરતા અને ગુમસુમ રહ્યાં કરતા. આ ઉપરાંત તેમણે કામ ધંધો પણ બંધ કરી દીધો હતો. દરમિયાનમાં ગઈકાલે તેમના ઘરમાં કોઈ હાજર ન હતુ ત્યારે તેમણ છત સાથે ખેસ બાંધી આત્મહત્યા કરી લીધી હતી. ત્યાર બાદ ઈસનપુર પોલીસે આ મામલે જાણ થતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ શહેરના થલતેજ વિસ્તારમાં ઠાકોર વાસ ખાતે રહેતા રેણુકાબહેન ભીખાભાઈ ઠાકોરે ગઈ કાલે સવારે પાંચ વાગ્યે કોઈ કારણસર આત્મહત્યા કરી લીધી હોવાની ફરીયાદ સોલા હાઈકોર્ટ પોલીસ મથકમાં નોંધાઈ છે.

## શુદ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સપ્તાહથી ડહોળા પાણીની સમસ્યા ઉદ્‌ભવી છે. સેક્ટરોમાં ડહોળુ પાણી આપતા પાણીની ગુણવત્તા સામે મંડરાયેલા પ્રશ્નોથી રહીશોનો આક્રોશ પણ ચરમસીમાએ પહોંચ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ ચરેડી અને સરિતા ખાતે ત્રીસ-ત્રીસ એમ.એલ.ડી.નો શુદ્ધિકરણ પ્લાન્ટ કાર્યરત છે. જયારે શહેરમાં રોજની ૫૫ એમ.એલ.ડી. પાણીની જરૂરિયાત સામે શુદ્ધિકરણ પ્લાન્ટમાંથી અંદાજિત ૩૦ થી ૩૪ એમ.એલ.ડી. પાણીનો જથ્થો જ ઉપલબ્ધ થાય છે. કેનાલમાં પાણીનો ફોર્સ વધતા શુદ્ધિકરણની પ્રક્રીયામાં સમય વધારે જાય છે. જેના પરિણામે શુદ્ધ પાણીનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ થતો નથી. આ મામલે તંત્ર કક્ષાએથી અગાઉ પણ ગુજરાત વોટર ઈન્ફાસ્ટ્રક્ચર લી.ને પ્લાન્ટની ક્ષમતા વધારવા રજૂઆત કરવામાં આવી હતી. જ્યારે નવા પ્લાન્ટ બનાવવા પણ તંત્રને દરખાસ્ત કરી છે.

# કોંગીની ઘરનું ઘર યોજનાથી ભાજપને અકળામણ કેમ છે

## ભાજપની સરકારે તમામ હાઉસીંગ યોજનાઓ બંધ કરી દીધી એટલે લોકોને ઘરનું ઘર મળતું નથી : કોંગીનો આક્ષેપ

અમદાવાદ, તા. ૨૧

ગુજરાતમાં કોંગ્રેસ સત્તા પર આવશે તો ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ઘરનું ઘર મળી રહે તે માટેના ફોર્મનું વિતરણ કરતાં ગુજરાતની મહિલાઓનો પ્રચંડ પ્રતિસાદ મળેયો છે તેથી ભાજપને અકળામણ થવા લાગી છે તેમ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું. ગુજરાત ભાજપના પ્રમુખ આર. સી. ફળદુએ કોંગ્રેસની સકારાત્મક પ્રવૃત્તિને છેતરામણી હોવાનું કહેતા તેનો ઉગ્ર પ્રતિભાવ આપતા મોઢવાડિયાએ કહ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રીની ૧૦ વર્ષની યોજનાઓથી મોટા મૂડીપતિઓના બેન્ક એકાઉન્ટમાં પ્રગતિ આવી છે. અને ભાજપના જે લોકો એક જમાનામાં સાયકલ પર ફરતા હતા તે લોકો આજે કરોડપતિઓ થઈ ગયા છે. ગરીબ અને સામાન્ય વર્ગને ઘરનું ઘર મળે અને મૂડીપતિઓને મફતના ભાવે સરકારી જમીન ન મળે એવો કોંગ્રેસનો નિર્ધાર છે ત્યારે ભાજપના પ્રમુખની માનસિકતાની અમને દયા આવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં તત્કાલીન કોંગ્રેસના શાસનમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ, ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, સ્લમ કલીયરન્સ બોર્ડ અને હળપતિઓની યોજનાઓ દ્વારા સામાન્ય લોકોને પોસાય તે રીતે ઘર અપાતા હતા પણ ભાજપ સરકારે તમામ યોજનાઓ બંધ કરી પરિણામે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ઘરનું ઘર મળતું નથી તેથી કોંગ્રેસની યોજનાને પ્રચંડ પ્રતિસાદ મળ્યો છે. મોઢવાડિયાએ વધુમાં કહ્યું હતું કે, ગુજરાતમાં દર ત્રીજા દિવસે એક ખેડૂત આત્મહત્યા કરે છે. ગુજરાતની આ સ્થિતિ માટે દેશને ચિંતા થાય છે. દુષ્કાળની પરિસ્થિતિ ઉભી થઈ છે ત્યારે સરકારી તંત્ર મુખ્યમંત્રીના રાજકીય કાર્યક્રમો, ઉત્સવો, મેળામાં વ્યસ્ત છે. અબજો રૂપિયા મેળાઓ, ઉત્સવો પાછળ ખર્ચાઈ રહ્યા છે. એની સામે પ્રજાને પીવાનું પાણી મળતું નથી, ખેત મજૂરો માટે રાહત કામો શરૂ થયા નથી અને ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે.

# તમામને ફોર્મ મળશે નહીં ત્યાં સુધી વિતરણ ચાલશે

અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ પંકજ શાહે જણાવ્યું છે કે આજે બીજા દિવસે ઘરનું ઘર યોજનાના ફોર્મનું વિતરણ તમામ વોર્ડમાં મોટી સંખ્યામાં ચાલુ હતું. આજે બે લાખથી વધુ ફોર્મનું વિતરણ કરવામાં આવેલ છે. તમામ બહેનોને વિનંતી કરીએ છીએ કે ગૃહિણીઓ સંયમ રાખે અને સાથ સહકાર આપે તમામ બહેનોને ફોર્મ નહિ મળે ત્યાં સુધી ફોર્મ વિતરણ ચાલુ રાખવામાં આવશે. ફોર્મ જાહેર સ્થળ અથવા વોર્ડ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખના કાર્યાલય ઉપરથી આપવામાં આવશે.

# સાબરકાંઠા કોંગ્રેસના સભ્યોએ અહેમદ પટેલના ૬૩માં જન્મદિને શુભેચ્છાઓ પાઠવી

હિંમતનગર, તા. ૨૧

યુ.પી.એ. સરકારના ચેરપર્સન શ્રીમતી સોનિયા ગાંધીના અંગત રાજકીય સલાહકાર સચિવ અને ભરૂચ જિલ્લાના પિરામણ ગામમાં જન્મેલા એહમદભાઈ પટેલની ૬૩મી વર્ષગાંઠે ગુજરાત રાજ્યના સાંસદો, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પદાધિકારીઓ અને ધારાસભ્યો સહિત કાર્યકરોએ શુભેચ્છા પાઠવી હતી.

શ્રી એહમદભાઈના જન્મ દિને સાબરકાંઠાના પૂર્વ સાંસદ અને વર્તમાન કોંગ્રેસ મહામંત્રી મધુસુદન મિસ્ત્રી, ગુજરાત કોંગ્રેસના મહામંત્રી વી.ડી. ઝાલા, જિલ્લા પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, ચંદ્રસિંહ ઝાલા, જગદીશ જયસ્વાલ, ઈશોક શેખ તેમજ વિવિધ સેલ, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના પ્રમુખો, સભાસદો હોદ્દેદારો અને કાર્યકરોએ શુભેચ્છા પાઠવી તેઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે અને તેઓ હર હંમેશા આવી જ રીતે ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરતા રહે તેવી આશાઓ વ્યક્ત કરી હતી.

# હિંમતનગરના સહકરી જીન રોડ પર કારમાંથી બેગ ચોરાઈ

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરના સહકરી જીન ચાર રસ્તા પર મંગળવારના રોજ સાંજે ૫ વાગેના સુમારે હિંમતનગરની ફાર્મસી કોલેજના આચાર્ય ડૉ. દુષ્યંત શાહ પોતાની જાયલો કાર નંબર જીજે-૯-એજી-૧૨૨૪ લઈ ક્રિષ્ના હોટલ આગળ કામ અર્થે ગયા હતા. ત્યારે તેમની કારમાંથી કોઈ ચોર ઈસમે ખાલી સાઈડનો પાછળનો દરવાજો ખોલી અંદરથી લેપટોપ વાળી કાળી બેગ ચોરી લઈ ગયેલ જે બેગમાં પોતાના બેંક એકાઉન્ટ દસ્તાવેજો, એ.ટી.એમ. કાર્ડ, ચેક બુકો સહીતના દસ્તાવેજો હતા. અને કારના દરવાજાનો કાચ તૂટેલો હતો. તેથી ડૉ. દુષ્યંત શાહ તુરંત હિંમતનગર ટાઉન પોલીસમથકે દોડી આવી જાણ કરી હતી.

# ગીર સોમનાથ જિલ્લાની રચનાને ભવ્ય આવકાર

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગીર-સોમનાથના નવા જિલ્લાની રચનાની જાહેરાત કરી તેને હાર્દિક આવકાર આપતાં વેરાવળ-સોમનાથ, કોડીનાર, ઉના, કેશોદ, માંગરોળ તાલુકાના નાગરિકો અને કાર્યકર્તાઓએ આજે વિશાળ સંખ્યામાં ગાંધીનગર આવીને મુખ્યમંત્રીનું ભાવભર્યુ અભિવાદન કર્યું હતું. રાજ્યમંત્રી કનુભાઈ ભાલાળા તથા જિલ્લા ભાજપા પ્રમુખ માધાભાઈ બોરિચાના નેતૃત્વમાં ગીર-સોમનાથના નવા જિલ્લાની રચનાથી વિકાસની ગતિને જે વેગ મળશે તેનો આનંદ વ્યક્ત કરીને મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કરવા આવેલા જિલ્લાના કાર્યકર્તાઓ સાથે ધારાસભ્યો સર્વશ્રી રાજશીભાઈ જોટવા, ભગવાનભાઈ કરગટિયા, વંદનાબેન મકવાણા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## શિક્ષાત્મક પગલાં ભરો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રી રાઠોડે તેમની લેખિત સૂચનામાં જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રીશ્રી જાહેરમાં શિક્ષણની ચિંતા કરી કહે છે કે, શિક્ષણ કાર્ય બગડવું જોઈએ નહિ તેને વિપરીત અસરો કરનારા પરિબળોને સાંખી લેવાશે નહિ તેથી આ કાર્યક્રમથી શિક્ષકોને દૂર રાખવા જોઈએ.

શ્રી રાઠોડે જણાવ્યું છે કે, સરકારશ્રી દ્વારા વિકાસના નામે ઘણાં બધા કાર્યક્રમો કરવામાં આવે છે. જેમાં સરકારશ્રી દ્વારા હાલ વણથંભી વિકાસ યાત્રામાં પ્રાથમિક શાળાના આચાર્યો - શિક્ષકોને શાળાની કામગીરીને બદલે વણથંભી વિકાસ યાત્રામાં સામેલ કરવા જણાવવામાં આવેલ છે. આ કામગીરી માટે શિક્ષકોને ગામમાં જઈ ગામના લોકોને વણથંભી વિકાસ યાત્રામાં લાવવા માટે મોટીવેટ કરવાની કામગીરી સોંપવામાં આવેલ છે.

શ્રી રાઠોડે આ બાબતે પ્રાથમિક શિક્ષણાધિકારીને લેખિતમાં જણાવ્યું હતું કે, બાળકોના શિક્ષણને ગંભીર અસર પડે તેમ હોય શિક્ષણના ભોગે શિક્ષકોએ આવી વણથંભી વિકાસ યાત્રા કે હવે ટૂંક સમયમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવનાર હોય સદર રાજકીય કાર્યક્રમ હોય ન જોડાવા તમામ આચાર્ય - શિક્ષકોને આપની કક્ષાએ સુચના થવા અને આ કામગીરીમાં જોડાનાર આચાર્ય - શિક્ષકશ્રી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી લેખિત સુચના આપવા વિનંતી કરી છે.

માનનીય મુખ્યમંત્રીશ્રી શિક્ષણની ચિંતા કરતા હોય તો શાળાના શિક્ષકની કામગીરી બગાડી બાળકોના ભાવિ સાથે ચેડા કરી આચાર્યો - શિક્ષકોને આ વણથંભી વિકાસ યાત્રામાં ન સામેલ કરવા જણાવીએ છીએ.